## નિવેદન : 'સરોડાનું સદ્ભાગ્ય સમગ્ર વિશ્વનું સદ્ભાગ્ય બની રહ્યું'

પુણ્યભૂમિ ભારતની સાચી સંપત્તિ અને ગૌરવ સંતો જ છે. જ્યાં સુધી એની પવિત્ર ભૂમિમાં એક સંત પણ વિદ્યમાન હશે ત્યાં સુધી એના ગૌરવની જ્યોતિ કદી ઝાંખી નહિ પડી શકે. અનેકાનેક સંતો-મહાત્માઓ આજે પણ આ ભૂમિને અલંકૃત કરી રહ્યા છે. એમાંના કેટલાક પ્રસિદ્ધ છે, કેટલાક અપ્રસિદ્ધ છે. પરંતુ તેમની 'અહંકારશૂન્ય શક્તિ' જ આજે સંસારને સર્વનાશથી બચાવી રહી છે. તેમની 'સર્વદેશીય આધ્યાત્મિક શક્તિ', 'સર્વવ્યાપ્ત ચૈતન્ય' જ ચૂપચાપ માનવજાતિનું કલ્યાણ કરી રહે છે. એ નિઃસંદેહ છે. આવા પુણ્યાત્મા પરમ પૂજ્ય શ્રીયોગેશ્વરજીની ૧૦૪મી જન્મજયંતીનો પુનિત અવસર આજે પણ અનેક જિજ્ઞાસુઓને 'પ્રકાશના પંથે' પ્રેરતો અનન્ય માર્ગદર્શક બની ઝળહળી રહ્યો છે.

પરમાત્માના અસીમ સ્વરૂપને યોગેશ્વરજીએ જગદંબાના નામરૂપમાં સીમિત કર્યું કેમકે જે નિર્ગુણ, નિરાકાર, સર્વવ્યાપ્ત છે તેનો સંગ કરવા 'અનુસંધાત્મિકા ભક્તિ' સિવાય કોઈ ઉપાય નથી. એટલે 'જીવનની દિવ્યતા' સાથે સંબંધિત થવા જગદંબાની અનન્ય ભક્તિ દ્વારા સમર્પિત ભાવથી ચિત્તશુદ્ધિ સાધી. રિદ્ધિ સિદ્ધિના બહાને વિષયો આક્રમણ ન કરે એની સાવધાની, પળેપળની જાગૃતિ તેમણે સાધી.

જો સાધક 'રસેશ્વર' પ્રત્યે એકાગ્ર ન થાય તો તેનું ચિત્ત વિષયોમાં રસ લેવા માંડશે તેથી ઈન્દ્રિયો પર સંયમ અનિવાર્ય, સર્વ વ્યવહાર અહમ્‌ના સ્રોતમાંથી નહિ, સોઽહમ્‌ના સ્રોતમાંથી થાય પછી ચિત્તનું સમત્વ, સંતુલન સહજ થાય. ચિત્ત એટલું સંસ્કારી, આભિજાત્યપૂર્ણ કે સ્વર્ગનો વૈભવ પણ તુચ્છ લાગે. તેથી જ તેમણે જીવનની સાદગીપૂર્ણ શૈલી પસંદ કરી. ધ્યાન, યોગ, ભક્તિ, ઉપવાસ, મૌન એકાંત પ્રાર્થના દ્વારા પોતાની 'આધ્યાત્મિક શક્તિ' જગાવી જેથી શરીર-મનની મર્યાદાઓ હટાવી, અલૌકિક અનુભૂતિ કરતા તેઓશ્રી આગળ વધી શકે. ને એક દિવસ પોતાના આત્મબળે પૂર્ણ પ્રકાશ પ્રાપ્ત કરી, શુદ્ધ ચિન્મય જ્યોતિના રૂપમાં પ્રકાશિત થઈ, ઈશ્વરનો સાક્ષાત્કાર જ નહિ, ઈશ્વરને પોતાનામાં આવિર્ભૂત કરી શક્યા. એટલું જ નહિ પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરીને જીવંત જગદંબા સ્વરૂપે વિશ્વ સમક્ષ હાજરાહજૂર કરી, સમગ્ર માનવજાતને અનહદ કૃપાની શાશ્વતીની સુગંધથી છલકાવી રહ્યા છે.

# ॥ શ્રીયોગેશ્વરકથામૃત ॥

**તા.૨૬/૫/૧૯૮૩, ગુરુવાર. વૈશાખ સુદ પૂનમ, વિ.સં.૨૦૪૦**

**સ્થળ : મુઝફ્ફરનગરથી હરિદ્વાર, જયપુરીયા સ્મૃતિભવન.**

મુઝફ્ફરનગરથી ફક્ત ૨૯ કિલોમીટર શુક્રતાલ નામનું સ્થાન આવ્યું છે. ત્યાં પરીક્ષિતને શુકદેવજીએ કથા સંભળાવી હતી. તે પવિત્ર સ્થાનનો નિર્દેશ પૂ.શ્રીએ કર્યો. જેથી અમે સૌ સવારે સાડા પાંચ વાગ્યે શુક્રતાલ જવા તૈયાર થયા. પૂ.શ્રીએ તો એ સ્થાન જોયું હતું જેથી અમારી સાથે ન આવ્યા.

શુક્રતાલ ગંગાકાંઠે આવેલું નાનકડું ગામ. જ્યાં સુંદર વટવૃક્ષ નીચે પરીક્ષિત, શુકદેવનું, શિવનું, શાકંભરી માતાનું મંદિર છે. સંસ્કૃત પાઠશાળા ને ધર્મશાળા પણ છે. વળી સરકારી રેસ્ટ હાઉસ પણ છે. મુઝફ્ફરનગરથી જતા માર્ગમાં શેરડીના ખેતરો ને સુંદર વૃક્ષોની ઘટાદાર છાયા પણ જોવા મળે છે.

આઠ વાગ્યે મુઝફ્ફરનગરથી નીકળીને દસ વાગ્યે હરિદ્વાર આવી ગયાં. ત્યાંથી કનખલ પણ જઈ આવ્યાં. અગિયાર વાગ્યે હરિદ્વાર આવી ગયાં. પૂ.શ્રીએ જ્ઞાન સાથે ગમ્મત કરતાં કહ્યું કે, ‘શુક્રતાલ. તાલ એટલે તળાવ, હરિના દ્વાર જતાં ઘણાં તળાવો, ઘણા ખાબોચિયાઓ આવે. વિષયોનાં ખાબોચિયાં, કામ-ક્રોધનાં તળાવો આવે પણ આપણે તો હરિના દ્વારનું જ લક્ષ્ય રાખવું.’

આર્યનિવાસમાં ભોજન લઈ લીધું. ત્યાંના મૅનેજરથી પૂજ્યશ્રીને ખાસ આદરપૂર્વક લઈ ગયા ત્યાં થોડી વાતો થઈ. વળી સામે ગંગેશ્વરાનંદજીની જગ્યા છે ત્યાં લાલબાબા સાથે થોડી વાતો થઈ. ત્યારબાદ સહજ રીતે ગાડીઓ નીચેના માર્ગે

બજારમાં થઈને જયપુરીયા સ્મૃતિભવન પાસે આવી. મહાપ્રભુજીની બેઠકનાં દર્શન કર્યાં અને તપાસ કરતાં જયપુરીયા સ્મૃતિભવનમાં જ જગ્યા હોવાથી ઉતારો થયો.

બપોરે આરામ કરી સાંજે ગંગાઘાટની થતી સુંદર આરતીનાં દર્શન કર્યાં. અને રાત્રે જયપુરીયા સ્મૃતિભવનમાં આરામ કર્યો.

હરિઃૐ, હરિઃૐ, હરિઃૐ.

*

## તા.૨૭/૫/૧૯૮૩, શુક્રવાર. વૈશાખ વદ એકમ, વિ.સં.૨૦૪૦

## સ્થળ : હરિદ્વારથી ઋષિકેશ

સવારે હરિદ્વારથી આઠ વાગ્યે નીકળ્યાં. પાવન ધામ ને ભારતમાતાનાં મંદિર, શાંતિકુંજનાં દર્શન કરી લીધા. પૂ.શ્રી તો ગાડીમાં જ બેસી રહ્યા.

દસ વાગ્યે ઋષિકેશ આવી ગયાં. હજી તો અમારી ગાડી ઋષિકેશમાં પ્રવેશે છે ત્યાં જ શ્રીકલ્યાણ અને શ્રીજ્યોત્સ્નાબેન સામેથી મળી ગયા ! પૂ.શ્રીએ કહ્યું, ‘આનું નામ પ્રભુની કૃપા. મોરબીથી તેઓ અહીં ત્રણ દિવસ પહેલાં આવી ગયા હતાં અને અમને મળનાર જ હતાં. પણ અચાનક જ માર્ગ ઉપર મળી ગયાં ! સાચે જ એ પ્રભુની કૃપા ગણાય.’

તોદી ધર્મશાળા જોઈ પણ સૌએ ઈન્દ્રલોકમાં જ ઉતારો કર્યો. ત્યારબાદ મહાલક્ષ્મી ભોજનાલયમાં ગંગાઘાટે જ ભોજન કર્યું ભોજન બાદ આજે ત્રણ-ચાર કલાક આરામ કર્યો.

સાંજે ગંગાસ્નાન કર્યું. વળી આત્મનિકેતનમાં કૃષ્ણદાસને મળ્યા. ત્યાં એક કલાક ગાળ્યો પછી ફરી ગંગાઘાટ ગયાં. ત્યાં

પ્રાર્થના ધૂન વગેરે કરી થોડી વાર બેઠા. ઉતારા ઉપર આવ્યા ત્યારે સાડા નવ વાગી ગયા હતા. દૂધ પીને આરામ જ કર્યો.

આજે ગંગાઘાટે પ્રાર્થના, ધૂન પછી થોડો સત્સંગ થયો. જેમાં થોડા પ્રશ્નો પૂછાયા.

૧. આપ પ્રથમવાર હિમાલય આવ્યા ત્યારે અહીં જ સ્નાન કરેલું ?

૨. અર્જુનના રથ ઉપર હનુમાનજી શા માટે બેઠા છે ?

૩. નીલકંઠનું મંદિર ક્યાં આવ્યું ? ત્યાં શી રીતે જવાય ?

પૂ.શ્રીએ ઉત્તરો પ્રદાન કર્યા. અને કહ્યું કે, 'નીલકંઠના મંદિરે જવાનું કઠિન છે. અમે પ્રથમવાર હિમાલય આવ્યા ત્યારે પ્રથમ સ્નાન હરિદ્વારમાં કરેલું. હનુમાનજી તો અમર છે.'

૪. સિદ્ધપુરુષો શા માટે ગાળ બોલતા હશે ?

પૂ.શ્રી : લોકોથી દૂર રહેવાની એક રીત હશે. ઘણાંને ગાળો બોલવાની ટેવ પડી હોય છે. બધા જ સિદ્ધપુરુષો ગાળ નથી બોલતા ને ગાળ બોલે તેથી તે સિદ્ધ છે એવું ના માની શકાય.

આજે સવારે હરિદ્વારથી નીકળતાં પૂ.શ્રીએ પરમશક્તિનો સંપર્ક સાધીને જાણી લીધું કે અમારે ક્યારે નીકળવાનું છે. ક્યાં રહેવાનું છે. પૂ.શ્રીના એ સંપર્કની આ મુજબ માહિતી મળી ને સાચે જ સહજ રીતે ઈન્દ્રલોક હોટલમાં જ ઉતારો થયો. એ આજના દિવસની વિશેષતા હતી.

હરિઃૐ, હરિઃૐ, હરિઃૐ

**—શ્રી 'મા' સર્વેશ્વરી**

# ॥ પાંચ સેકંડના દર્શનનો પ્રભાવ ॥

શ્રી અરવિંદનાં દર્શનનો એ મહાન દિવસ હતો. એ દિવસે એ મહાન પુરુષ પોતાના એકાંતવાસમાંથી બહાર આવી ભક્તોને દર્શન આપવાના હતા. બે હજારથીયે વધારે ભક્તો એમનાં દર્શન માટે આશ્રમમાં આવ્યા હતા. કોઈ પ્રવાસી પોતાના નિર્ધારિલા સ્થળે પહોંચ્યા હતા. પછી ત્યાં હૈયેહૈયું દબાય એવી ભીડ જોઈ ગભરાય, તેમ હું પણ અહીં આ ભીડ જોઈને ગભરાયો હતો. પરંતુ હું આધ્યાત્મિક માર્ગનો જિજ્ઞાસુ હતો એને શ્રી અરવિંદનાં ધરાઈને દર્શન કરવાની મારી ઇચ્છા હતી, તેથી મેં આશ્રમના વ્યવસ્થાપકને મારી આ ઇચ્છા જણાવી કહ્યું કે બીજા કોઈ પણ દર્શનાર્થી કરતાં હું ખૂબ જ દૂરથી આવું છું એટલે હું દર્શન કરવામાં જરી વધારે વખત લઈશ. એણે તરત કહ્યું ના ના એવું ના કરતા ! દરેક જણ જો દર્શન માટે એવી રીતે પાંચ સેકંડ કરતાં વધારે વખત લે, તો શ્રી અરવિંદને ત્યાં કેટલો બધો વખત બેસી રહેવું પડે ? દરેકને પાંચ સેકંડ આપી છે, અને તમારે પણ પાંચ સેકંડ જ લેવાની છે.

'અરે જુઓ !' આમ કહી એણે આગળ કહ્યું : 'અમેરિકામાં તમારો દાક્તર તમારી એક્સ રે ટ્રીટમેન્ટનું તમને દશ ડોલરનું બિલ આપે તો તે વખતે શું તમે એને એમ કહેશો કે તમે તો મને માત્ર પાંચ સેકંડની ટ્રીટમેન્ટ આપી છે; એના આટલા બધા પૈસા હું નહિ આપું; પણ લાંબી ટ્રીટમેન્ટ આપો તો આપું ? ના, તમે એમ નહિ જ કહો, કારણ લાંબી ટ્રીટમેન્ટ લો તો તમે દાઝી મરો !' એટલે બીજા હજારોની સાથે હું ત્યાં મારો વારો આવવાની રાહ જોતો ધીરજથી બેઠો; આશ્રમના સ્વયંસેવકો 'પોલીસમેનો' અમને ધીરે ધીરે, શ્રી અરવિંદ જે મકાનના મેડા પર બિરાજ્યા હતા

તેના બારણા તરફ આગળ વધવાની સૂચના આપતા હતા.

તે વખતે મને એક વિચાર આવ્યો : એક અતિ વૃદ્ધ પુરુષનાં થોડીક સેકંડ પણ દર્શન થાય એટલા માટે હું અહીં રાહ જોતો બેઠો છું-આમાં કદાચ મને મારી જિંદગીની મોટામાં મોટી નિરાશા પણ સાંપડે ! હા, મેં આ પ્રતિભાવાન પુરુષના અનેક ગ્રંથો વાંચ્યા છે, પણ એમનાં દર્શન-એથી કંઈ લાભ થશે ખરો ?

છેવટે એ મહાન પળ આવી. આવા બનાવોનું વર્ણન એ બનતી વખતના સંજોગોનું વર્ણન કરીને જ કરી શકાય છે. બનાવ પોતે તો એક શૂન્યના બિંદુ જેવો હોય છે; એ બિંદુની આસપાસ બધું બને છે અને ગોઠવાય છે, પણ એ બિંદુ બધાનું અદ્રશ્ય કેન્દ્ર બની રહે છે. એટલે અહીં હું એટલું કહીશ કે, નીચે ઊતરતાં મારું મન બોલ્યું : 'ઓહો ! આ તો ધાર્યું હતું તેના કરતાં ઘણું વધારે મળ્યું ! કારણ, મને હવે ભાન થયું કે હું શું ધૂળ જોતો જોતો'તો એમને, એમણે મને નખશિખ જોઈ લીધો ! વાહ નસીબ !'

આશ્રમમાંથી બહાર આવતાં દરવાજા આગળ ઊભેલા એક યુવાન ભક્તની પાસેથી મેં શ્રી અરવિંદની એક છબી વેચાતી લીધી. છબી મારા હાથમાં મૂકતાં તેણે જે શબ્દો કહ્યા તે હું કદી Lkrn ¼4ą tW y ýuf l kw '<u>આ છબીમાં તમને શ્રી અરવિંદના માત્ર સ્થૂળ શરીરના દર્શન થશે !</u>'

જો થોડા શબ્દોમાં દર્શનની અનુભૂતિનું વર્ણન કરવું હોય તો હું કહીશ કે મનુષ્યનો ચહેરો વિકાસ પામી પૂર્ણતાનું કેવું સર્વોચ્ચ શિખર સર કરી શકે છે, તે મેં અહીં જોયું, અને જોઈને હું તાજુબ થઈ ગયો-તત્કાળ પૂરતો નહિ, પણ કાયમ માટે ! શ્રી અરવિંદ આ પાંચ સેકંડમાં મારા ગુરુ બની ગયા.

—શ્રીરુડોલ્ફ

# ॥ નૅશનલ ક્રિએટર્સ ઍવોર્ડ્ઝ ૨૦૨૪ ॥

## (રાષ્ટ્રીય નિર્માતા પુરસ્કાર)

### 'વિશેષતાને વંદન ! સુદર્શન ! શુભનો પ્રસાર !'

—આ ત્રણ મંત્ર પૂજ્ય'મા'એ આપણને નાનપણથી જ શીખવાડ્યા છે. સમાજને એ દ્રષ્ટિએ જોવાની અને તેમાં રહેવાની સમજ આપી છે. એવી જ વિચારધારામાં માનતા આપણા પ્રધાનમંત્રીજી-શ્રી નરેન્દ્ર મોદીજીએ વિશ્વમંચે-શુભનો પ્રસાર કરવાવાળા, કલા અને કૌશલ્યથી સૌને પ્રેરણા દેનારા, જીવનના ઘડતર માટે સારી અને સાચી શીખ દેનારા યુવાપેઢીના 'કન્ટેન્ટ ક્રિએટર્સ'ને સન્માનિત કર્યા.

**કન્ટેન્ટ ક્રિએશન એટલે શું ?**

કોઈ માહિતી, વિચાર, કલા જગમંચે પ્રસ્તુત કરવાનો એક પ્રયત્ન. તે કોઈ પણ કરી શકે તેને માટે ઉંમર, દેખાવ, પરિસર જેવા કોઈ બંધન નથી. આજના ડિજિટલ ટૅકનોલોજીના માધ્યમથી આખું વિશ્વ શ્રોતા થઈ ગયું છે. યુટ્યૂબ ચેનલ, ઈન્સ્ટ્રાગ્રામ, ફૅસબુક, વૉટ્સઍપ આવા વિધ વિધ પ્લૅટફૉર્મ પરથી પોતાની કલા, મંતવ્યને વ્યક્ત કરે છે. આપણી માટે એક નવી Positive દુનિયા બનાવી રહ્યા છે. ધીમે ધીમે જગમંચે ડગલાં ભરતાં જાય અને પ્રસિદ્ધિ તેમજ લોકપ્રિયતાથી પાયાના પથ્થર બનતા જાય.

આ કાર્યની શક્તિ આગળના સમયમાં જોવા મળશે તો તેને સન્માન અને પ્રોત્સાહન તો આપવું જ જોઈએ ને ! તેમાંથી

કેટલા પ્રેરણા લેશે, દિશા લેશે ! અને કંઈ નહિ તો ફક્ત સતવિચારમાં પોતાનો સમય વિતાવશે.

### નૅશનલ ક્રિએટર્સ ઍવોર્ડઝ ૨૦૨૪ કાર્યક્રમની ભૂમિકા

વિશ્વમાં આ પ્રકારનો ઍવૉર્ડ કોઈપણ સરકારે આવા કૌશલ્ય માટે નથી આપ્યો. વડાપ્રધાનજીએ એમના વક્તવ્યમાં રમૂજમાં કહ્યું કે...'બધા જ મને પૂછે છે કે મારી સફળતાનું રહસ્ય શું છે ?' પછી તેમણે કહ્યું 'બધાને આનો જવાબ નથી આપતો, પણ તમને કહું છું કે ઈશ્વરની કૃપાથી આવનારા સમયને માપી શકું છું ! હવેનો જમાનો આ શૈલી (Content Creation) નો છે. તેમના Positive પ્રયત્નોએ ભારત સરકારને તેમના તરફ સહજ રીતે આકર્ષ્યા છે. કન્ટેન્ટ ક્રિએટર્સ એ સ્વેચ્છાએ આપણાં દેશ માટેની ઘણી બધી ખોટી-ખરાબ માન્યતાઓ દૂર કરવા માટે ઘણું મોટું યોગદાન આપ્યું છે. આગળ એમણે વાત કરી કે બધા જ કન્ટેન્ટ ક્રિએટર્સ આપણાં દેશના રાજદૂત છે, દેશવાસીઓનો અવાજ છે "Vocal for Local" તે સહુની માટે એક જ મંત્ર-'ક્ષિતિજયે નહિ'– Your horizons are not limited to this. તમારી ક્ષિતિજો ફક્ત આમાં સીમિત થઈ જતી નથી.

**આ કાર્યક્રમ ખૂબ સરસ સ્થાન પર યોજાયો :**

કલા, કૌશલ્ય, આનંદ, પ્રેરણાનો ઉત્સવ તો વિશેષમંડપ પરથી જ થાયને ? તેવું સરસ સ્થળનું નામ-'ભારતમંડપમ્'.

ભારત દેશ જ શ્રોતા, ભારત દેશ જ પ્રેક્ષક, ભારત દેશ જ અભિનેતા અને વળી પ્રસ્તુતકર્તા પણ ભારત દેશ ! બધા જ આપણા ભારત દેશની વૈભવગાથા પ્રસ્તુત કરી નિહાળી રહ્યા છે.

**કન્ટેન્ટ ક્રિએટર્સના કાર્યનું મહત્ત્વ :**

આજની દુનિયામાં બધા જ મોબાઈલની સ્ક્રીન જોવામાં સહુથી વધુ સમય પસાર કરે છે, એ અર્થે મોબાઈલ ફોન (Mobile phone) આજના વિશ્વનું એક અનિવાર્ય અંગ છે. આજના જમાનામાં ફક્ત સૂતી વખતે માણસ મોબાઈલ ફોનને નથી જોતો, તે કદાચ એક રોગ જ છે ! તેના માધ્યમથી સારી પ્રવૃત્તિઓ કરીયે કે જોઈએ તો આપણા જીવનનો સદુપયોગ પણ થઈ શકે. પોતાની ઓળખાણ, વિચાર, શૈલી, મંતવ્ય સદ્‌વિચારો પ્રસ્તુત કરી કોઈની કાયાપલટ પણ થઈ શકે છે !

કન્ટેન્ટ ક્રિએટર્સનું કામ ખૂબ હિંમતવાળું છે. 'One Man Army'– તે જ લેખક, નિર્માતા, નિર્દેશક અભિનેતા અને સંપાદક પણ તે જ ! આજે લોકોનો 'ધ્યાનઅવધિ' (attention span) એક મિનિટથી પણ ઓછો છે. તો તેટલા થોડાક સમયમાં (limited attention spanમાં) આપણા વિચારને સભર રીતે પ્રસ્તુત કરવા તે એક પ્રશંસનીય વાત છે ! તેની માટે દેશવિદેશની પણ સીમા નથી. જનતાનાં અભિપ્રાય માટે તેઓ સૌ તૈયાર રહે. જેમની સમજ, તેવા તેમના અભિપ્રાય. તે કાંતો ઝીલી લે ને કાં તો ઝેલી લે !

કોઈપણ પ્રતિસાદની પરવાહ ના કરતાં, નવું કંઈ પ્રસ્તુત કરવા માટે આગળ વધે, આવા પ્રયોગશીલ સાહસને નમન !

આ ઍવોર્ડ  જ્યારે જાહેર થયા ત્યારે 1.5 લાખ અરજીઓ આવી. 10 લાખ લોકોએ મતદાન કર્યું અને તે પછી jury નિર્ણય થયો. ૨૦ તારલાઓને તેમાંથી પારિતોષિક આપી સન્માન્યા. આ બધું જ ૨૮ દિવસમાં યોજાયું. મહાશિવરાત્રીના પાવન અવસરે અને ઈન્ટરનૅશનલ વિમેન ડે પર આવો સરસ

કાર્યક્રમ યોજાયો.

પ્રધાનમંત્રીજીએ સરસ, સરળ, એક મિત્રની જેમ સહજ સંવાદ કરતા કરતા દરેક વિજેતાને નવી દિશા બતાવતા બતાવતા આ પુરસ્કાર આપ્યા. દરેક વિજેતા શું કરે છે અને કેમ કરે છે તેને આ માધ્યમથી નવી ઓળખાણ પણ આપી. તેમનો સંવાદ ભારતને જ નહિ પણ આખા વિશ્વને પ્રગતિના માર્ગે દોરનારો હતો. તેમણે વિશ્વને એક સંદેશ પણ આપ્યો કે કોઈ પણ technology જે જનહિત માટે લાભદાયક હોય તો તેનાં પર કોઈ માલિકી ના હોવી જોઈએ. તેને democratise (સાર્વજનિક) કરી દેવામાં આવવી જોઈએ. તેમણે કહ્યું કે બધા “Create on India” ના મિશનમાં લાગી જાવ. આગળ જઈને યુવા પેઢીને Mental Health અને “No to drugs” પર જાગ્રત કરો.

## ॥ ઍવોર્ડ વિજેતાઓ ॥

### (આંતરિક મંથનથી વિશ્વમંચ સુધીની સફર )

પડદા પાછળની દરેકની story – ક્યાં હતા ને ક્યાં પહોંચ્યાં તે કથા મોહક અને પ્રેરણાદાયી છે. બધાએ પોતાની આ **journey** એકલા શરૂ કરી પણ તેનું ફળ જનસમાજ માટે ખૂબ હિતકારી છે.

તેમની ઉંમરથી લઈને તેમનાં વિચારોની શક્તિ સુધી–

પ્રસ્થાપનની કલાથી લઈને જનસમાજની લાગણી ઉંબરવાની સુધી તેઓ બધી જ રીતે ખરા ઉતર્યા છે. તેમને ફક્ત એક જ વિશેષણ શોભે ‘‘ભારતના સર્વશ્રેષ્ઠ મહાનાયકો’’ અને ભારતના અતિ અણમોલ ખેલાડીઓ.

## ॥ ન્યૂ ઈન્ડિયા ચૅમ્પિયન ઍવોર્ડ ॥
## (અભિરાજ રાજાધ્યક્ષ અને નિયતિ મણિકૂર્વે)
## (ચેનલ : યૂ ટ્યૂબ)

તેમનું નામ – અભિરાજ રાજાધ્યક્ષ અને નિયતિ મણિકુર્વે ભણતર અને કારકિર્દીક્ષેત્રે તેઓએ ખૂબ નામ કમાયું, સરસ રીતે આગળ પણ વધી રહ્યા હતા પણ અભિરાજનાં મનમાં એક વાત સતત ખલેલ કરતી હતી કે - શું નોકરીમાં વિકાસ એ જ જીવનનો વિકાસ છે ? એ વાત બરાબર નથી એટલે તેણે એક દિવસ હિંમત કરી નોકરી છોડી દીધી. કૈંક નવું શોધવા માટે જ્યારે લોકોને મળ્યો ત્યારે તેને એક વાત સમજાઈ કે ભારત દેશ માટે દેશવાસીઓને ખૂબ નકારાત્મક અભિપ્રાય છે. તે વાત તેને ના ગમી - 'આપણો દેશ આપણી ગરિમા છે' - તે સુવિચારથી તેણે એક પ્રયત્ન કર્યો.

૨૦૦ દિવસ ભારતની યાત્રા કરી અને "૧૦૦ **reasons to love India**" નામના નાના વીડિયો સરસ બનાવ્યા અને પોસ્ટ કર્યા. તે વીડિયો ભારત દેશનાં વિવિધ વિષયો પર હતા.

- દેશની પ્રથા;
- ગામડાનું જીવન;
- આધુનિકતા;
- આઝાદીની લડાઈ;
- **ISRO**નું યોગદાન

તે **videos** ખૂબ લોકપ્રિય થયા.

તે પછી તેમણે અનેક **videos** બનાવ્યા જેનાથી ભારત દેશની મહાનતા અને જનસમાજની લાગણી જાગ્રત કરી શકાય.

તેમની પ્રસિદ્ધિથી ખબર પડે કે આપણા દેશવાસીઓને પણ સારી વાત સાંભળવી કેટલી બધી ગમે છે.

તેમના અમુક **videos** ની લિંક છે–

1.https://www.youtube.com/watch? v=YBuB9NukCxE&list=Plrb5sBMyf4C7F4Q7eN8hhjc–EDvm4bo4l&index=1

2.https://www.youtube.com/watch?v=okRkt8i8pA&list=PLrb5sBMyf4c7F4Q7eN8hhjc-EDVm4bo4l&index=19

3.https://www.youtube.com/watch?v=fo5jwx3Qwkw&list=Plrb5sBMyf4C7–F4Q7eN8hJCEDvm4bo41&index=21

4.https://www.youtube.com/watch?V=KEwGmaxaSoiw&list=PLrb5sBM–yf4C7F4Q7eN8hhJCEDVm4bo4l&index=27

5.https://www.youtube.comwatch?v=dl0x0si0Zv0&list=PLrb5sBMyf4C–7F4Q7eN8hhJCEDVm4bo4l&index=30

6.https://www.youtube.com/watch?V=W5keE5PGImc&list=PLrb5sBMyf4C–7F4Q7eN8hhJCEDVm4bo4l&index=35

7.https://www.youtube.comwatch?v=jUsyPMANIBg&list=PLrb5sBMyf4C–

7F4Q7eN8hhJCEDVm4bo4I&index=51

8.https://www.google.comsearch?q=10+reason+-+india+come=back=2023&rlz

---

## ॥ બેસ્ટ સ્ટોરી ટેલર ઍવોર્ડ ॥

### (કીર્થિકા ગોવિંદ સ્વામી)

### (ચેનલ : કીર્થિકા હિસ્ટ્રી)

કોટા રાજસ્થાનમાં જન્મેલી અને ભણેલી આપણી આ ભારત દેશની દીકરી ઈતિહાસને કોતરી કોતરીને ભારત દેશને હીરાની જેમ ઝગમગાવે છે.

દીકરી નહિ પણ દીકરાને ભણાવવો જોઈએ - તેવા જુનવાણી વિચાર ધરાવતા કુટુંબમાં તેનો જન્મ થયો. પણ માતા પિતાએ પ્રોત્સાહન આપ્યું, જનસમાજથી લડીને આગળ વધવાની હિંમત થઈ. તેનો મૂળ રસ archelogy માં હતો પણ ત્યાંની કોઈ college આ વિષય ભણાવતી ન હતી.

માતાપિતા બહાર મોકલવા તૈયાર ન હતાં એટલે archelogy ની બદલે history માં degree લીધી. Social media માં તેને રસ હતો જ અને તે શોખને History સાથે જોડી તેને ભારતના ઈતિહાસની ખોટી રજૂઆતનોને fact સાથે જોડી, ખૂબ research કરી સત્યનો પ્રકાશ પાડ્યો. તેનો અનુભવ એમ કહે છે કે “History is written in favour of the people who are in power”. ભારતનો ઈતિહાસ આપણે સ્કૂલમાં જ ભણ્યા છીએ પણ ઘણું બધું જે આપણને ભણાવવામાં

આવે છે તે સાચું નથી. કે તેની રજૂઆત બરાબર નથી. તેણે આ પ્રયાસ ફક્ત ૨ વર્ષ થી શરૂ કર્યો છે અને તેમાં ખૂબ પ્રસિદ્ધિ મળી છે. જેને હિન્દી પણ સરખું બોલતા નથી આવડતું તે સરળ અને મુદ્દાસર વીડિયો બનાવે છે. જે કાર્ય તેને શોખ અને પોતાની ઓળખ માટે શરૂ કર્યું તે આજે ભારત દેશની દૂત બની સમજણ અને જવાબદારીપૂર્વક વિવિધ ઈતિહાસનાં પાનાં ફેરવી રહી છે અને આપણને જાગ્રત કરી રહી છે.

તેની કેટલીક લિંક છે –

• Vasco da gama arriving in India -

https://www.google.comsearch?q=vasco+da+gama+-

+keerthi+histroy&scaesv=e2dc8174cd1c459c&rlz=1C1UEADenIN1069IN1069&sxsrf=ACQVn09Grjqnw3w3N6P3ESCDb1CXCJDKsQ%3A1711960048 465&ei=8G8KZ

• Warriors of India – Rani Durgavati –

https://www.google.com/search?q=rani+-+keerthi+histroy&rlz=1C1UEADenIn1069IN1069&oq=rani+-

+keerthi+histroy&gsIcrp=EgzjaHJvbWUyBggAEEUYOTIJCAEQIRgKGKABMgkIAhAhGAoYoAHSAQg5NjQ3ajBqOagCCLAQ&sourceid=chrome&ie=UTF- wpym,st:0

## ॥ સોશિયલ ચેન્જ માટેનો બેસ્ટ ક્રિએટીવ એવોર્ડ ॥
## (જયા કિશોરી)
## (ચેનલ : યૂ ટ્યૂબ)

Social Media ના જગતમાં આ બેન modern જમાનાનાં મીરાંબાઈ કહેવાય છે. તે એક કથાકાર છે. ભગવાન શ્રીકૃષ્ણના આશીર્વાદથી તે દેશ-વિદેશમાં ભગવદ્ગીતાનું પારાયણ કરે છે. તેમનાં પ્રવચન ૪ દષ્ટિકોણ પર વધુ ભાર આપે છે - શ્રીમદ્ ભગવદ્ગીતા, જીવનના અનુભવો, પરિવારના સંસ્કાર અને દુન્યવી વ્યવહારની સમજ. આ બધાનું સમીકરણ કરી તે એક આદર્શ કર્મયોગીનાં લક્ષણ અને વ્યવહારની શીખ ધરે છે. જીવનની વિધ વિધ પરિસ્થિતિને કેવી રીતે ગીતાના બોધપાઠ સાથે જોડવી અને તેમાંથી પસાર થવું તે સમજાવે છે.

નાનપણથી મળેલા પરિવારના સંસ્કાર, તેમનાં ગુરુજીના આશીર્વાદ અને એક સાત્ત્વિક કાર્ય કે –

ભગવદ્ગીતા સમજાવવી છે, દરેકના હૃદયમાં ઉતારવી છે અને વ્યવહારજગતમાં તેને આચરણમાં અંકુરિત કરવી છે. ફક્ત ૨૮ વર્ષની ઉંમરમાં આવું સાત્ત્વિક ભાથું લઈને દેશવિદેશમાં ભારતની આ દીકરી સરસ કામ કરી રહી છે. પ્રભુને પ્રાર્થના કે Jaya કિશોરીબેન દ્વારા તેમની ઓળખ તે વિશ્વમંચની કર્મભૂમિ પર કરાવે.

તેના કેટલાક video ની લિંક છે –

https://www.youtube.comwatch?v=AEGrdugJwYQ

https:/www.youtube.com/watch?v=gBfQ6aPZ98

## ॥ વર્ષના કલ્ચરલ ઍમ્બેસેડર ઍવોર્ડ ॥

## (મૈથિલી ઠાકુર)

## (ચૅનલ : યૂ ટ્યૂબ)

૨૩ વર્ષની આ દીકરી પોતાની શાસ્ત્રીય સંગીતની કલાથી જુદી જુદી ભાષામાં ઘણાં બધાં ભક્તિગીત ગાય છે. પિતાના આપેલા સંસ્કાર અને માર્ગદર્શનથી લોકધૂન અને શાસ્ત્રીય સંગીતના સમાગમથી તેણે એક નવી સંગીતની દુનિયા ઉભી કરી છે. માતા-પિતાની આ સંસ્કારદીવડીએ નાનપણમાં જ બહુ પ્રસિદ્ધિ પ્રાપ્ત કરેલી પણ આ જાહોજલાલી તેને ના ગમી. તેણે નક્કી કર્યું કે હિંદી pictureનાં ગીતો તે ન ગાય. પરિવારમાં બે નાના ભાઈ પણ છે. બધા જ વીડિયોમાં તે તબલા, મંજીરા અને chorus માં સાથ આપે છે.

તેની રજૂઆત ખૂબ સાદગીપૂર્ણ હોય છે. કોઈ રંગીન સ્ટુડિયો કે મંચ નહિ ફક્ત mike, હાર્મોનિયમ તબલાં અને મંજીરાંની મદદથી સરસ ભજન ગાય છે. prime Minister સાથેનો તેનો સંવાદ પણ નિર્દોષ હતો. ખૂબ સરસ ભજન તેણે આત્મવિશ્વાસ સાથે ગાયું. તેણે request કરી કે ‘મારી સાથે selfie પડાવશો ?’ તો તે પણ હસવા માંડ્યા અને સરસ તસ્વીર પડાવી.

આખા પરિવારને સાથે લઈ ભારત દેશની આ દીકરી જગમંચે ઉડે છે, લોકધૂન અને ભક્તિગીતોની વિશ્વમંચે એક ઓળખ આપે છે. ભારતીય સંસ્કૃતિનો વારસો સરસ રીતે સંઘરીને સંભાળી રહી છે.

તેનાં કેટલાક video ની લિંક છે –

https://www.youtube.comwatch?v=JezkoPhPrs

https://www.youtube.comwatch?v=DEGcIi9aij8

---

## ॥ સ્વચ્છતા ઍમ્બેસેડર ઍવોર્ડ ॥

## (મલ્હાર ક્લામ્બે)

## (ચેનલ : યૂ ટ્યૂબ)

પ્રધાનમંત્રીના સ્વચ્છ ભારત અભિયાનથી પ્રેરણા લઈને મલ્હારે આ કાર્ય તે ૧૯ વર્ષનો હતો ત્યારથી શરૂ કર્યું. "Beach Please" નામથી એક cleanliness drive 2017થી ચલાવે છે. Community by the youth and Community for the youth. મુંબઈના બીચ પર ઘણા બધા યુવાનોને લઈને તેને આ mission દ્વારા ૮૦ લાખ કિલોગ્રામથી પણ વધુ કચરો સાફ કર્યો છે.

યુવા પેઢીને આકર્ષવા ઘણા બધા સેમિનાર, પ્રતિયોગિતા પણ યોજે છે. આ પ્રયાસ ફક્ત કચરો સાફ કરવાનો નથી પણ કચરો ના કરવાનો તેની સાવચેતી પણ ધરાવનારો છે.

ઘરમાં કચરો થાય તો ઘર સાફ કરીયે તો આપણો જ beach છે, ને તે ખરાબ થાય તો તે સાફ કરી દેવો. આપણું ઘર (દેશ) આપણે જ ચોખ્ખું રાખવું પડે government બધું ના કરી શકે અને ઘરની સફાઈમાં આપણે હાથ ગંદા કરવા પડે જ.

તેમનાં કાર્યોની જાણ આપણે આ લિંક પરથી જોઈ શકીએ છીએઃ–

https://www.youtube.comwatch?v=3gsJJFjU4ug

## ॥ મોસ્ટ ઈમ્પેકટફુલ એગ્રી ક્રિએટર ॥

## (લક્ષ્ય ડબ્બાસ)

## (ચેનલ : યૂ ટ્યૂબ)

આપણાં દેશનું ગર્વ અને મહત્ત્વપૂર્ણ આજીવિકાનું માધ્યમ છે કૃષિક્ષેત્ર. જ્યાં આખી દુનિયા પેસ્ટિસાઈડ અને દવાઓના વપરાશથી પાક વધારવાની હરોળમાં છે ત્યાં આ ભાઈ ઑર્ગેનિક અને કુદરતી રીતે કેવી રીતે ખેતી કરવી અને ભૂમિને કેવી રીતે માન આપવું તેની માટે અભિયાન ચલાવે છે.

૩૦૦૦૦ થી પણ વધુ ખેડૂતોને તેઓએ માર્ગદર્શન આપ્યું છે. Urban Civilization અને Agro tourism ને પ્રોત્સાહન આપે છે. બહુ જ સારી નોકરી હોવા છતાં તેમણે આ કામ પસંદ કર્યું. તેમની આવક નોકરી કરતાં ખૂબ વધારે છે. Youtube પર તેમની Organic Acre નામની ચૅનલ છે અને તેમાં બહુ સારા વીડિયો જેમાં જૈવિક ખેતી, ગ્રામીણ વિકાસ, પશુપાલન, farming business model તે વિષયો પર ઘણું બધું જ્ઞાન આપે છે. પ્રધાનમંત્રીએ તેમને ખૂબ શાબાશી આપી.

તેમના એક વીડિયોની લિંક અને પ્રધાનમંત્રી સાથેનો સંવાદની લિંક :

https://www.youtube.comwatch?v=EFIcMr38PdM

